ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૮૧ ટકા

# દિવાળી નજીક છતાં શહેરના બજારો સુમસામ

## ગ્રાહકોમાં ઓનલાઈન શોંપીગ અને મોલમાં ખરીદીનો ક્રેઝ વધ્યો

ગાંધીનગર, તા.૧૧

દિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પરંતુ હજુ સુધી બજારમાં ગ્રાહકોની જોઈએ તેટલી ભીડ જામતી નથી. બજારો ગ્રાહકો વિના સુમસામ લાગી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં ઘરાકી ખુલશે તેવું લાગી રહ્યું છે. અત્યારે હાલ તો રેડીમેઈડ કપડા, જવેલર્સ, કરીયાણું, ફરસાઈ, મીઠાઈની દુકાનો સહિત ખાણીપીણી બજાર પણ ખાલીખમ લાગી રહ્યું છે.

દિવાળીના દિવસો નજીક આવી રહ્યા છે તેમ છતા શહેર જાણે સુમસામ લાગી રહ્યું છે. દિવાળીના તહેવારમાં દરેક ચીજવસ્તુઓનું વેચાણ પુરજોશમાં થતુ હોય છે. શહેરી બજારોના માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. શહેરમાં દિવસ-રાત અનેરો માહોલ છવાયેલો હોય છે.નગરના સેકટર-૨૧, ૭, ૨૪, મીના બજાર, સહિતના વેપારીઓ ગ્રાહકોની સેવામાં ખડેપગે જોવા મળે છે. દિપાવલીના પાવન પર્વના દિવસોમાં વેચાણ વધુ હોવાથી અને ગ્રાહકો ખરીદી માટે પડાપડી કરતા હોવાથી વેપારીઓને પાણી પીવાનો પણ સમય હોતો નથી.ત્યારે દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો હોવા છતા બજાર ગ્રાહકો વિના ખાલીખમ લાગી રહ્યા છે. કારણ કે ગ્રાહકોમાં ઓનલાઈન શોંપીગ તરફનો ઝોંક વધ્યો છે તો બીજીતરફ જીએસટીને લીધે વેપારીઓ હેરાન છે અને મોટા મોલમાં ગ્રાહકોની વધતી ભીડથી નાના વેપારીઓ ચિંતામાં ગરકાવ થયા છે. તહેવારને અનુલક્ષીને વેપારીઓએ મોટીમાત્રામાં માલનો સ્ટોક લાવીને ખડકી દીધો છે.પરંતુ ગ્રાહકો જોઈએ તેટલા ન હોવાથી વેપારીઓ દુકાનોમાં બેસીને સમય પસાર કરી રહ્યા છે. દિવાળીના દિવસોમાં કાપડ બજાર, જવેલર્સ, ઘરવખરી, કરીયાણું, ફરસાણ, મીઠાઈ, સહિતના વેપારીઓની બોલબાલા હોય છે. ત્યારે બજારમાં ગ્રાહકોની ભીડ ન હોવામાં કર્મચારીઓને પગાર અને બોનસ હજુ સુધી મળ્યુ નથી તે પણ કારણભુત મનાય છે. ત્યારે આગામી બે-ત્રણ દિવસોમાં ઘરાકી ખુલે તેવો આશાવાદ વેપારીઓ વ્યકત કરી રહ્યા છે. છતા ઓનલાઈન શોંપીગ અને મોટામોલમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

## સેકટર-૧૯ ખાસ બાળગૃહમાં એચઆઈવીગ્રસ્ત કિશોરનો આપઘાત

### બિમારીથી કંટાળીને ૧૭ વર્ષીય કિશોરે રૂમમાં જ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૧૯ ખાતે આવેલા ખાસ બાળ ગૃહમાં રહેતા ૧૭ વર્ષના એક કિશોરે ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. એચઆઈવી ગ્રસ્ત કિશોરે બિમારીથી કંટાળીને આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આજે વહેલી સવારે તેના રૂમમાં જ લટકતી હાલતમાં કિશોરને જોઈને અન્ય બાળકો પણ ચોંકી ગયા હતા. સે-૨૧ પોલિસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

પાટનગરમાં સેકટર-૧૯ ખાતે જુના સરકારી દવાખાનામાં ખાસ બાળગૃહ ચલાવવામાં આવે છે. એચઆઈવીથી પીડીત બાળકોની સારસંભાળ આ સંસ્થા રાખે છે અને આ ખાસ બાળગૃહમાં એચઆઈવી-એઈડસ ગ્રસ્ત બાળકને રાખીને તેમને સાચવવામાં આવે છે આજે વહેલી સવારે સાડા છ વાગ્યાના અરસામાં બાળકો ઉઠયા ત્યારે એક રૂમમાં જોયું તો ૧૭ વર્ષનો દિપક નામનો કિશોર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. કોઈ કારણસર આ કિશોરે રૂમમાં જ ગળે ફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી લીધું હતું. પ્રાથમિક તપાસમાં બિમારીથી કંટાળીને કિશોરે આપઘાત કર્યો હોવાનું ધ્યાન આવ્યું છે. સે-૨૧ પોલિસ મથકના જમાદાર મહમ્મદભાઈએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

## સે-૨૪ ડબલ ડેકરના મકાનમાં પોલીસનો દરોડો

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૨૪ ડબલડેકર વિસ્તારમાં મકાન નં. ૨૪ ખાતે રહેતા અજય ગોહીલને ઘરે સે-૨૧ પોલિસે ગઈ સાંજે દરોડો પાડયો હતો. સે-૨૧ પોલીસ સ્ટેશનમાં જ જેની સામે આઠ ગુનાઓ દાખલ થયેલા છે તે અજય ગોહીલને પોલીસે તેના ઘરેથી જ દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડયો હતો. તેના ઘરેથી એક સ્કુલ બેગમાંથી ત્રણ વિદેશી દારૂની બોટલો પણ મળી આવી છે. સે-૨૧ પોલીસે તેની ધરપકડ કરી લઈને ઉંડી પુછપરછ શરુ કરી છે.



## વાવોલ હોસ્ટેલના વિદ્યાર્થીઓના હાલચાલ પૂછયા

વાવોલમાં નવ નિર્મિત આદિવાસી કુમાર છાત્રાલયમાં બહારગામથી આવીને અભ્યાસ અર્થે રહેતા વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અને સુવિધાઓમાં તકલીફો અંગે અખબારોમાં પ્રકાશિત થયેલા અહેવાલોના પગલે જિલ્લા પંચાયતના સદસ્ય જે.ડી. ચારેલ અને ગાંધીનગર મહાનગરપાલિકાના નગરસેવક પાયલબેન મેણાત અદિવાસી પ્રતિનિધિ હોવાને નાતે વિદ્યાર્થીઓના હાલચાલ પુછવા તથા પરિસ્થિતિનો તાગ મેળવી હકીકત જાણવા તેમજ જરૂર જણાય તો મદદરૂપ થવાના ઈરાદે ધસી આવ્યા હતા અને વિદ્યાર્થીઓને મળીને તેમની આપવીતી સાંભળી હતી.

## જિલ્લામાં આવતીકાલે સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા તા. ૧૩મી ઓકટોબર, ૨૦૧૭, શુક્રવારના રોજ સવારના ૦૮.૩૦ થી ૧૨.૩૦ કલાક તથા સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવશે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાથી શું કરવું? કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકાના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્ત માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ઘક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્યક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.


આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડાૅ. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. તા.૧૩મી ઓકટોબર,૨૦૧૭ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીંપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણાવાસણા, ડભોડા, અમીયાપુરા, ચિલોડા, સેકટર-૭, સેકટર- ૨૯ અને સીવીલ આયુર્વેદ તથા હોમિયોપેથી ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના માણસા શહેર, રિદ્રોલ, પરબતપુરા અને ચરાડા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ, રામનગર, અલુવા અને કલોલ તથા દહેગામ તાલુકામાં રખિયાલ, પીપળજ, ખાનપુર, કડજોદરા ગામના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનામાં સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે તે ઉપરાંત માણસા તાલુકાના ચરાડા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા દહેગામના રખિયાલ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર આયુર્વેદ ઓપીડી શરૂ કરવામાં આવી છે ત્યાં પણ સુવર્ણપ્રાશન શરૂ કરવામાં આવ્યું છે.

## ઈનોવા લુંટીને ભાગેલા શખ્સો દંતાલી પાસેથી પકડાયા

### ડ્રાઈવરને મહેસાણાના બાલીસણા પાસે ખેતરમાં બાંધી દઈ ઈનોવાની લુંટ થઈ હતી : જીપીએસ યુકત ઈનોવા ગાંધીનગર વિસ્તારમાં ફરતી હોવાના મેસેજ મળતા પોલીસે લુંટારૂને પકડી ઈનોવા રીકવર કરી

ગાંધીનગર, તા.૧૧

મહેસાણા હાઈવે પર બાલીસણા પાસે એક ઈનોવા ઉભી રખાવીને લુંટારૂઓએ ડ્રાઈવરને બાંધી દઈ ખેતરમાં ફેંકી દીધો હતો અને ઈનોવા લુંટી લીધી હતી. આ ગાડીમાં જીપીએસ હોવાથી લોકેશન ટ્રેસ થતું હતુ. જેને આધારે અડાલજ પોલીસને કંટ્રોલ મારફતે વાયરલેસ મેસેજ મળ્યો કે લુંટાયેલી ઈનોવા ગાંધીનગર આવી રહી છે. રાત્રે આ લુંટારૂને દંતાલી પાસેથી પોલીસે ઈનોવા સાથે પકડી પાડયો હતો જયારે બે સાગરીતો ફરાર થઈ ગયા હતાં.



મહેસાણા બાલીસણા ખાતેથી એક ઈનોવા ગાડીના ડ્રાઈવરને કેટલાક શખ્સોએ મારીને ધાક-ધમકી આપી એક ખેતરમાં બાંધી ધઈ ઈનોવા લુંટી ગયા હોવાનો તથા આ ઈનોવામાં જીપીએસ સીસ્ટમ લાગેલી છે અને તેનું લોકેશન ગાંધીનગર તરફનું દર્શાવાતું હોવાનો વાયરલેસ મેસેજ અડાલજ પોલીસને મળ્યો હતો. અડાલજ પોલીસ મથકના પીએસઆઈ એ.જી. એનુરકર તથા કોન્સ્ટેબલ અનિલસિંહ અને દિલીપસિંહની ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતી ત્યારે શેરથા ટોલટેક્ષ પાસે આ ઈનોવાની વોચમાં ટીમ ગોઠવાઈ ગઈ હતી. ઈનોવા માલીકનો ફોન આવ્યો કે લોકેશન દંતાલી તરફ બતાવી રહ્યું છે તે આધારે અદાણી શાંતિગ્રામ નજીકથી ઈનોવાને ઓવરટેક કરીને આંતરી લઈ ઈનોવા સાથે એક લૂંટારૂને પકડી પાડયો હતો જયારે બે ભાગી છુટયા હતા. અડાલજ પોલીસે પાટણના મૂળ વતની અને હાલ અમદાવાદ રહેતા બળદેવ નાગજી દેસાઈની ધરપકડ કરી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સને પ્રોત્સાહક પ્રતિસાદ

### શહેરના સેવાભાવી યુવાનો દ્વારા જરૂરિયાતમંદોને કપડાં-મિઠાઈ-ફરસાણ વિતરણના સદકાર્યને સાર્વત્રિક આવકાર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં દિવાળી પર્વને અનુલક્ષીને જરૂરિયાતમંદ વર્ગના ચહેરા પર સ્મિત રેલાવવાના હેતુથી શહેરના સેવાભાવી યુવાનો દ્વારા ચલાવાતી સ્વૈચ્છિક સંસ્થાઓનો સંયુકત 'પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સ'ને ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. શહેરના નાગરિકો દ્વારા તથા સોશ્યલ મિડિયામાં થઈ રહેલા પ્રચારને કારણે મુંબઈ, રાધનપુર, વડોદરા જેવા દૂર સુદુરના શહેરોમાંથી પણ વસ્ત્રદાન પ્રાપ્ત થઈ રહ્યું છે તથા મિઠાઈ-ફરસાણ માટે આર્થિક દાન પ્રાપ્ત થઈ રહ્યું છે.

ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, સ્કાય ગ્રુપ, આપણું ફાઉન્ડેશન તથા હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા સંયુકતપણે આયોજિત પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સ દ્વારા ગાંધીનગરના તમામ વિસ્તારની ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોને દિવાળી પર્વ નિમિત્તે મદદરૂપ થવાના હેતુથી છેલ્લા બે વર્ષથી વસ્ત્રદાન તથા મિઠાઈ-ફરસાણના વિતરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ વર્ષે તા. ૧લીથી તા. ૧૨મી ઓકટોબર દરમિયાન શહેરના નાગિરકોને જુના-નવા વસ્ત્રોના દાન તથા મિઠાઈ-ફરસાણ માટે આર્થિક સહયોગની હાકલ કરવામાં આવી હતી જેને ઉમળકાભર્યો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. સંસ્થાઓ દ્વારા શહેરમાં ઉભા કરાયેલા પાંચ કલેકશન કેન્દ્રો પર મોટી સંખ્યામાં વસ્ત્રદાન પ્રાપ્ત થયું છે. તથા આર્થિક સહયોગ પણ પ્રાપ્ત થઈ રહ્યો છે. પાંચેય સંસ્થાના યુવા પ્રતિનિધિઓ તથા સ્વયંસેવકો દ્વારા આગામી તા. ૧૬મી ઓકટોબર સોમવારે વસ્ત્રદાન તથા મિઠાઈ-ફરસાણ વિતરણ કરવામાં આવનાર છે.

### વસ્ત્રદાન-આર્થિક સહયોગ માટે છેલ્લી તક

વસ્ત્રદાન માટે હજુ પણ નાગરિકો કલેકશન કેન્દ્રો પર દાન પહોંચાડી શકે છે. જેમાં ઘ-૨ સર્કલે પ્રારંભ પ્લાઝામાં વારાહી ઝેરોક્ષ, સે-૧૬માં વિદ્યા લાયબ્રેરી, સે-૨૧માં પેટ્રોલ પંપ સામે મહાલક્ષ્મી કાર શ્રીંગાર, સે-૨૮માં ગણેશ ફલેટ ખાતે વિસત પાર્લર અને કુડાસણમાં શિવાલય રેસિડેન્સી ખાતે ટુ ડયુટસ વગરેનો સમાવેશ થાય છે. આર્થિક સહયોગ આપવા મો.નં. ૭૮૭૪૦૭૨૭૧૨ પર પેટીએમ કરી શકશે અથવા આયોજક સંસ્થાઓના પ્રતિનિધિનો સંપર્ક સાધી શકાશે.

## સીટીબસને મુસાફરોનો પ્રોત્સાહક પ્રતિસાદ

### નવી બસ, આઈકાર્ડ સાથે ડ્રાયવર-કડંકટર ડ્રેસ કોડમાં ઈલેકટ્રોનીક ટીકીટ મશીનથી સજ્જ : ચેકરનો પણ ડ્રેસ કોડ વગેરે બાબતોથી મુસાફરો રોમાંચિત : આધુનિક ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ

ગાંધીનગર, તા.૧૧


શહેરમાં શરૂ થયેલી સીટીબસને બહોળો પ્રતિસાદ સાંપડયો છે. સંચાલકોએ આધુનિક ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરી મુસાફરોને શ્રેષ્ઠ સુવિધા આપવાના જે પ્રયાસ કર્યા છે તે પ્રશંસાપાત્ર બન્યા છે. બે દિવસથી શહેરના માર્ગો ઉપર દોડી રહેલી બસમાં મુસાફરોની સંખ્યા ખુબ જ પ્રમાણમાં જોવા મળી છે. શરૂ થયેલા તમામ રૂટ ઉપર મુસાફરોએ સીટીબસને પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો છે. સીટીબસની સંખ્યામાં ધીમે ધીમે ઉમેરો થતો જશે તેમ તેમ તમામ વિસ્તારોને આવરી લેવાના હોવાનું સંચાલકો જણાવી રહ્યા છે. સલામત અને સુવિધાસભર બસની મુસાફરીથી પ્રવાસીઓમાં સંતોષની લાગણી પ્રસરી છે.

શહેરમાં જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે સીટીબસનો ધમધોકાર આરંભ થયો છે. નવી નક્કોર બસ જેના ડ્રાયવર કડંકટર ડ્રેસ કોડ સાથે અને આઈકાર્ડ સાથે સજ્જ, ઈલેકટ્રોનીક મશીન થકી ટીકીટ તેમજ ટીકીટ ચેકર પણ ડ્રેસ કોર્ડમાં વગેરે બાબતોથી મુસાફરો રોમાંચિત બન્યા છે. સંચાલકોએ ડ્રાયવર-કડંકટરની હાજરી પણ થંબ મશીનથી અમલી બનાવી છે તેમજ ડ્રેસકોડ, આઈકાર્ડ અને પગમાં બુટ ફરજીયાત બનાવ્યા છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થકી મુસાફરોને શ્રેષ્ઠ મુસાફરીનો પર્યાય આપવા સંચાલકો તરફથી પ્રયાસ થઈ રહ્યો છે જે મુસાફરોમાં આવકારદાયક બન્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ આપેલા યોગી કંપનીને કોન્ટ્રાકટમાં સીએનજી બસની પ્રાથમિકતાનો મહત્વ આપેલું છે તે મુજબ હાલમાં આવેલી બસો સીએનજીથી જ ચાલી રહી છે. હાલ ચિલોડા, અડાલજ, ઉનાવા, પેથાપુર, વાવોલ વગેરે રૂટ ઉપર બસોને મુકવામાં આવી છેતેમજ ધીમે ધીમે બસોની સંખ્યામાં વધારો થતા જ તમામ માર્ગો ઉપર સીટી બસ દોડતી થઈ જશે તેમ સંચાલક વિરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું છે. પ્રાથમિક તબક્કે રૂ. ૫માં મુસાફરી કરાવતી સીટીબસના ભાડા ટુંક સમયમાં નિર્ધારિત થઈ જશે અને મુસાફરોને પોસાય તે રીતે અમલમાં આવશે તેવું તેમણે જણાવ્યું છે. નવી બસો સુવિધાસભર બનાવાઈ છે જેમાં બેઠક વ્યવસ્થા તેમજ માલસામાન મુકવાના ઉપર સ્ટેન્ડ પણ ઉપલબ્ધ છે. આમ મુસાફરોને સીટીબસ અત્યંત આકર્ષિત લાગી છે અને તેનો ભરપૂર લાભ પણ લેવાઈ રહ્યો છે.



## આઈ લવ માય ગાંધીનગર



**નારણભાઈ બી ચુડાસમા**

**ગાંધીનગર ગમે**

નોકરીઆતોના શહેરની પોતાની ઓળખાણ બદલીને આ શહેર શિક્ષણસંસ્થાઓ, વૈજ્ઞાનિકો, બિલ્ડરો, પર્યાવરણપ્રેમીઓ, ધાર્મિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓનું ધામ બન્યું છે તેથી તે ખૂબ ગમે છે.

**નગરજનો**

ઉચ્ચતમ વિચારસરણી ધરાવતા વિચક્ષણ અને લાગણીશીલ વ્યક્તિઓ આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, લાયન્સ-રૉટરી કલબ, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ-અક્ષરધામ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ છે અને તે મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શહેરને સ્વચ્છ અને વ્યવસ્થાની દષ્ટિએ સુદઢ બનાવવાની આવશ્યકતા મહેસૂસ થઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**

સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેની સેવા ગાંધીનગર શહેરને આપવા માટે હું કાર્યરત રહેવા તૈયાર છું.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી સીટી સ્કેન મશીન બંધ હાલતમાં છે. આ મશીન બંધ હોવાને કારણે માથામાં ઈજા પામેલા દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવી રહ્યા હોઈ દર્દીઓમાં આક્રોશ જોવાઈ રહ્યો છે.

● શહેરમાં સવારથી વાતાવરણ વાદળ છાયું રહેતા વરસાદ થવાની ભીતિ સર્જાઈ છે. વરસાદની શકયતાને પગલે ગૃહિણીઓમાં દિવાળી કામમાં ધાબે ગાદલા તપાવવાથી માંડીને વિવિધ મસાલા-કરિયાણા વગેરેને સુકવવાના કાર્યો માટે ચિંતા ફેલાવા પામી છે.

## આજે શહેરમાં નેત્રદાન જાગૃતિ માટે બ્લાઈન્ડ વોક યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ દ્વારા વિશ્વ દષ્ટિ દિનની ઉજવણીના ભાગરૂપે બેંગ્લોરની ધ પ્રોજેકટ વિઝનના સંયુકત ઉપક્રમે શહેરમાં તા. ૧૨મી ઓકટોબર ગુરુવારે બ્લાઈન્ડ વૉક ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ બ્લાઈન્ડ વૉક સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન ઘ-૩ પાસેના પથિકાશ્રમ એસ.ટી. ડેપોથી સે-૮ સેંટ ઝેવિયર્સ સ્કુલ સુધી યોજાશે. જેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં નેત્રદાન અંગે જાગૃતિ ફેલાવવાનો છે.

વિશ્વ દષ્ટિદિન નિમિત્તે વિશ્વભરમાં પાંચ દેશોમાં અનેક શહેરોમાં જેમાં એકલા ભારતમાં આશરે ૨૦૦ શહેરોમાં એક સાથે બ્લાઈન્ડ વૉક ઈવેન્ટ યોજાનાર છે. ગાંધીનગરમાં પણ આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આશરે ૮૦૦થી વધુ ચક્ષુદાતા ભાગ લેશે તેવો અંદાજ છે. આ વૉકમાં ભાગ લેનાર તમામ આંખે પાટા બાંધી નિયત રૂટ પર બ્લાઈન્ડ વૉક કરશે જે ગાંધીનગરમાં સૌ પ્રથમવાર યોજાઈ રહ્યું છે.

## અમીયાપુરમાં ગામતળ હેડે જમીન પરત મેળવવા માંગણી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના અમીયાપુર ગામમાં આશરે ૬૦ વર્ષ અગાઉ ગામતળની ૧૨૧૭ચો.મી. જમીન શ્રી સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદને ગ્રામ સેવા કેન્દ્ર માટે રેવન્યુ-ફ્રી ગ્રાન્ટથી આપવામાં આવી હતી. જે બાબતે શરતભંગ થતા આ જમીન સરકારીશ્રીમાં દાખલ થયેલ જે જમીનની અમીયાપુર ગ્રામ પંચાયત દ્વારા ગામતળ હેડે પરત મેળવવા માંગણી કરતા કલેકટરશ્રી ગાંધીનગરે તા. ૨૯-૯-૨૦૧૭ના હુકમથી ગામતળ હેડે દાખલ કરવા હુકમ કરેલ છે. જે માટે અમીયાપુર ગ્રામજનો, અમીયાપુર ગ્રામ પંચાયત તથા સરપંચ માણેકજી ખોડાજી ઠાકોરે કલેકટર સતિષભાઈ પટેલનો ખુબ ખુબ આભાર વ્યકત કરેલ છે.

## ચિરવિદાય

- સ્વ. કલાવતીબેન અંબાલાલ રાવલ, ઉ.વ. ૮૬
- સ્વ. રમેશચંદ્ર દેવદાસ ચાવડા, ઉ.વ. ૬૩
- સ્વ. રમેશભાઈ શકરાભાઈ દંતાણી, ઉ.વ. ૫૪
- સ્વ. શરદચંદ્ર મોહનલાલ ઠાકર, ઉ.વ. ૮૧
- સ્વ. કલાજી પ્રહલાદજી સોલંકી, ઉ.વ. ૩૫
- સ્વ. સાંકાભાઈ ભગાભાઈ પટેલ, ઉ.વ. ૬૮
- સ્વ. રૂખીબેન કલાભાઈ રબારી, ઉ.વ. ૮૫